**આજથી 10 વર્ષ પહેલાં સુરત જેવા શહેરમાંથી ફોટોગ્રાફીમાં કરીયર બનાવવાનું ભાગ્યે જ કોઈ વિચારતું એ સમયે સુરતના નવયુવક સાગર ઠક્કરને પણ ફોટોગ્રાફી પ્રત્યે આકર્ષણ હતું પણ ફોટોગ્રાફીને કેરિયર બનાવવું કે નહીં તે લઈને તેને પણ સંકોચ અને અસમંજસ હતો. પણ કહેવાય છે ને કે હિમતે મર્દા તો મદદે ખુદા. આ યુવકે હિંમત કરી ફોટોગ્રાફીની ફિલ્ડમાં ઝંપલાવ્યું અને આકાશ તનવાણી સાથે 35mm કેન્ડીડ્સ ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી સ્ટુડિયોની સ્થાપના કરી અને 500થી વધુ વેડિંગ અને 550થી વધુ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કોર્પોરેટ ઈવેન્ટસનું ક્રિએટિવ શૂટિંગ માત્ર 10 વર્ષના ગાળામાં કર્યું. અનેક એવોર્ડ પોતાના નામે કરનાર સાગર ઠક્કર તો સ્પોર્ટ્સમાં એક્કા હતા અને લૉની સ્ટડી કરી રહ્યા હતા, કેટલીક ફિલ્મ્સ માટે પણ કામ કર્યું. પણ અંતે તેમના પેશન ફોટોગ્રાફી તરફ વળ્યા અને સક્સેસ મેળવતા ગયા...**

ફોટોગ્રાફી-વિડિયોગ્રાફી ક્ષેત્રે પ્રતિષ્ઠિત એવોર્ડસ જીતના

# સુરતના સાગર ઠક્કરે સેલેબ્રિટી વેડિંગ શૂટ્સ, સ્પોર્ટિંગ ઈવેન્ટ્સ ઉપરાંત સૈન્ય માટે પણ ફોટોગ્રાફી કરી



Succcess મંત્ર



## 2025માં ચાર મોટા એવોર્ડ્ઝ મેળવ્યા

સાગર ઠક્કરે જણાવ્યું કે અમારું 35mm કેન્ડીડ્સ ભારતના સૌથી પ્રખ્યાત વિઝ્યુઅલ સ્ટોરીટેલિંગ સ્ટુડિયો તરીકે ઉભરી આવ્યું છે આ વર્ષે મે મહિનામાં ઇવેન્ટ એન્ડ એન્ટરટેઇનમેન્ટ મેનેજમેન્ટ એસોસિએશન(EEMA) દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત સ્પોટલાઈટ એવોર્ડ્સમાં 4500 એન્ટ્રીમાંથી અમે ત્રણ ગોલ્ડ અને એક સિલ્વર એવોર્ડથી સમ્માનિત થયા છીએ. લગ્ન વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી, કોર્પોરેટ વિડીયોગ્રાફી માટે ત્રણ ગોલ્ડ અને કોર્પોરેટ ફોટોગ્રાફી માટે એક બ્રોન્ઝ ટ્રોફી જીત્યા છીએ. આ ઉપરાંત WOW એવોર્ડ-2023 (જેમાં 20 હજાર એન્ટ્રીઓ આવી હતી), વેડિંગ સુત્રા એવોર્ડ-2018, EMF-2024, WOW-2025, EMF-2025 થી સમ્માનિત થયા છીએ. તેમણે જણાવ્યું કે ફોટોગ્રાફી કરનારા ઘણા છે પણ જો તમે બીજા કરતા ક્રિએટિવ છો બીજા કરતા ડિફરન્ટ કરો છો માટે જ તમને સમ્માનિત કરાય છે.



## આ સેલેબ્રિટીઝના વેડિંગનું કર્યું છે ફોટો શૂટ





સાગર ઠક્કરે જણાવ્યું કે અમારી ટીમે અભિનેત્રી હંસિકા મોટવાનીના વેડિંગનું ફોટોશૂટ હોટસ્ટાર માટે કર્યું, તમન્ના ભાટિયાના ભાઈના વેડિંગ, ફિલ્મ પ્રોડ્યુસર બંટી વાલીયાની સાળીના વેડિંગનું ફોટોશૂટ કર્યું છે. ઉપરાંત સુરતના નામાંકિત કિશોર માલદારની દીકરી નિધિના વેડિંગનું ફોટોશૂટ ચાર કન્ટ્રી અને 3 કોન્ટિનેન્ટસ US, તર્કી, આબુધાબી પેલેસ અને મુંબઈમાં કર્યું છે. મુંબઈ, સુરત, થાઈલેન્ડમાં પણ મારી ઓફિસ છે. દિલ્હીમાં વેડિંગ ફોટોશૂટ, કોર્પોરેટ ફોટોશૂટ કરીએ છીએ.




## ઈન્ડિયન આર્મી માટે ફોટોગ્રાફી કરવાનો અનુભવ યાદગાર બની રહ્યો

સાગર ઠક્કરે જણાવ્યું કે વૈભવી લગ્ન અને કોર્પોરેટ જગતમાં ફોટોગ્રાફી વડે સ્ટોરી ટેલીંગની કળાને જીવંત કરવાની સાથે નેશનલ ગેમ્સ ગોવા, એબોટ અને ઇન્ડિયન આર્મી માટે પણ અમે વર્ક કર્યું છે. 8 કન્ટ્રીની આર્મીની ગેમ્સ માટે ફોટોશૂટ કર્યું હતું અને ઇન્ડિયન આર્મીની પ્રિપેરેશનનું પણ ફોટોશૂટ કર્યું હતું. ભારતીય સેના માટે કામ કરવું એ એક અવિસ્મરણીય અનુભવ હતો. 40 દિવસ સુધી અમે તેમની સાથે રહ્યા. સવારની કવાયતથી લઈને રાત્રિના યુદ્ધ સિમ્યુલેશન સુધી, હેલિકોપ્ટરમાં ઉડાન ભરવાથી લઈને રણના પ્રદેશોમાં નેવિગેટ કરવા સુધી - અને પાણી પર તરતી વિશાળ ટાંકી (જેની અમે ક્યારેય કલ્પના પણ કરી ન હતી) જોવા સુધી - આ પ્રોજેક્ટે સ્થિતિસ્થાપકતા અને નવીનતા પ્રત્યેની અમારી સમજને ફરીથી નવું સ્વરૂપ મળ્યું. આર્મીની કામગીરીને નજીકથી નિહાળવી માત્ર એક તક જ નહીં, તે એક સન્માન હતું.

## શુટીંગ વખતે અનેક સારા-નરસા અનુભવ થયા

### બ્રાઈડ 2-3 કરોડનો ચૂનો ચોપડી ગઈ

એક અનુભવની વાતો શેર કરતાં સાગરે જણાવ્યું કે, એક કિસ્સામાં વેડિંગ નક્કી થઈ ગયા અને છોકરા છોકરી લોકેશન બુક કરવા ઉજ્જૈન ગયા ત્યાં હોટેલ બુક કરી 20-25 લાખ રૂપિયા આપ્યા. લગ્નના ગણતરીના દિવસો બાકી હતા અને ખબર પડી આવી કોઈ હોટેલ જ નથી. બ્રાઇડે ગ્રુમને 2-3 કરોડ રૂપિયાનો ચુનો લગાડ્યો હતો. બ્રાઇડના પરિવારે આ રીતે 9 છેતરપિંડી કરી હતી. આવા કિસ્સા થાય ત્યારે અમારે પણ પૈસા ગુમાવવા પડતાં.

### ફ્રાંસમાં વેડિંગ શૂટ વખતે અદભૂત અનુભવ

એક ઇંડિયન યુવક અને ચાઇનિઝ કન્યાના લગ્નનો અનુભવ જણાવતાં સાગર કહે છે કે આ લગ્નમાં 200 લોકો આવ્યા હતા. પરંતુ મોટાભાગના આ પ્રસંગમા પૂર્ણ રીતે ઓતપ્રોત થવાના આશયથી પોતાનો સેલફોન સુધ્ધા સાથે લાવ્યા નહોતા. માત્ર ૨-3 લોકો પાસે મોબાઇલ હતા. મહેમાનોએ મન ભરીને એકબીજા સાથે ઓતપ્રોત થઇ આ લગ્નનો આનંદ માણ્યો. 3 જેટલા અલગ અલગ ફંક્શન થયા પણ કોઈને વચ્ચે કપડાં બદલવા કે તૈયાર થવા જવાની ય ચિંતા નહોતી. આ એક અદભૂત પ્રસંગ હતો.



## બાસ્કેટબોલમાં રાજ્યનો કેપ્ટન હતો, પરિવારમાં અનેક લૉયર હોવાથી લૉ ભણ્યો, પણ આકર્ષણ ફોટોગ્રાફીનું જ હતું: સાગર



માત્ર ક્ષણોને નહીં પણ ઇમોશનને કેમેરામાં કેદ કરવાની કળામાં પારંગત સાગર ઠક્કરે ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીમાં વૈશ્વિક સ્તરે એવોર્ડ્ઝ મેળવી સુરતનું નામ રોશન કર્યું છે. તેમણે જણાવ્યું કે સ્કૂલ-કોલેજમાં સુરતમાં સેંટ ઝેવિયર્સમાં ભણતો ત્યારે 12-13 સ્પોર્ટ્સ રમતો. બાસ્કેટબોલમાં ગુજરાતનો કેપ્ટન પણ રહ્યો હતો. ફેમિલીમાં લોયરની સંખ્યા વધારે એટલે મેં પણ વી.ટી. ચોકસી કોલેજમાંથી લૉની સ્ટડી કરવાની સાથે મુંબઇની માયા એકેડમી ઓફ એડવાન્સ સીનેમેટિક્સ (મેક ઇન્સ્ટિટ્યૂટ)માં VFX અને પોસ્ટ પ્રોડક્શન શીખ્યો. મારા ડેડી હિમાંશુ ઠક્કર પાસે ઉત્કૃષ્ટ કેમેરા હતો તેનાથી અસંખ્ય ફોટા કેપ્ચર કર્યા હતા. મને પહેલાથી જ કેમેરા તરફ એટ્રેક્શન હતું એટલે મેં નેચર, વાઈલ્ડ લાઈફ, ટ્રાવેલની ફોટોગ્રાફી કરી અને પછી વેડિંગ ફોટોગ્રાફી માટે કમ્પની સ્ટાર્ટ કરી આ રીતે 10 વર્ષ પહેલાં ફોટોગ્રાફીની દુનિયમાં પગ મૂકી માત્ર ક્ષણોને કેદ કરવાનું નહીં પણ દરેક પ્રસંગોમાં રહેલા ઇમોશનને કેપ્ચર કરવાનું શરૂ કર્યું. અમારી ટીમના ડિરેક્ટર્સ, સીનેમેટોગ્રાફર્સ, એડિટર્સ અને વિઝનરીઓના સહયોગથી લક્ઝ્યુરિયસ વેડિંગ અને કોર્પોરેટ વિશ્વમાં વિઝ્યુઅલ સ્ટોરીટેલિંગ કળાને નવી ઊંચાઈઓ પર લઈ જઈએ છીએ.

---

**ફ્રેન્ડશીપ ડે માત્ર એક દિવસ નથી હોતો પણ તે મિત્રતા, વિશ્વાસ અને સાથનો અહેસાસ હોય છે. મિત્ર આપણે જાતે બનાવતા હોઈએ છીએ. સ્કૂલ, કોલેજમાં જે મિત્ર બને છે તેમની સાથે વિતાવેલો સમય જીવનભરનું સંભારણું હોય છે. દર વર્ષે ઓગસ્ટના ફર્સ્ટ સન્ડેને ફ્રેન્ડશીપ ડે તરીકે સેલિબ્રેટ કરાય છે. ફ્રેન્ડશીપ બેન્ડસ બાંધીને ફ્રેન્ડશીપ કે ઉજવવાની પ્રથા સદાબહાર છે. આજના ડિજિટલ યુગમાં ફ્રેન્ડશીપ ડે ઉજવવાનો તરીકો બદલાયો છે. હવે મિત્રો રિલ્સ બનાવે છે, ડિજિટલ ગિફ્ટ આપે છે અને આ રીતે અલગ અલગ તરેહ થી મિત્રતાના દિવસને ઉજવે છે. ચાલો આપણે સુરતના યંગસ્ટર્સને મળીએ અને જાણીએ કે તેઓ કઈ નવી અનોખી તરકીબ અજમાવીને ફ્રેન્ડશીપ ડે ને યાદગાર બનાવવાના છે...**

જનરેશન Y




ફ્રેન્ડશીપ ડે મનાવવાનો અનોખો છે અંદાજ

# કુકિંગ ચેલેન્જ અને ફોટો રિલ્સ બનાવી મિત્રોને કરે છે ખુશ-ખુશ

## ફ્રેન્ડ્સ માટે પર્સનલાઇઝડ હેન્ડમેડ ફ્રેન્ડશીપ બેલ્ટ બનાવીશ: રાજવી લાલવાળા



B.com. થર્ડ યરની સ્ટુડન્ટ રાજવીએ જણાવ્યું કે મને તો બાળપણથી ફ્રેન્ડશીપ ડે મનાવવો ગમે છે. મિત્રો માટેના આ ખાસ દિવસ પર અમારું ફ્રેન્ડ્સ ગ્રુપ કાફેઝમાં મનગમતા ફૂડનો ટેસ્ટ લઈને અને મુવી જોવા જઈને સાથે ક્વોલિટી ટાઇમ સ્પેન્ડ કરીએ. આ વખતે કોલેજનું અમારું છેલ્લું વર્ષ છે એટલે મેં નક્કી કર્યું છે કે હું મારા ફ્રેન્ડ્સ માટે પર્સનલાઇઝડ હેન્ડમેડ બેન્ડ્સ બનાવીશ જેમાં સુંદર મજાના મોતી (બીડ્સ) હોવાના. આ ગિફ્ટ એવું હશે જે ફ્રેન્ડશીપ ડે બાદ પણ હાથ પર બાંધી શકાશે અને બ્રેસલેટનો પર્પઝ સર્વ કરશે. આ સાથે હું ચોકલેટ ગિફ્ટ હેમ્પર પણ જાતે બનાવવાની છું. મારા ક્લોઝ ફ્રેન્ડસ રિયા, હેત્વી, અંશ, પાયલ, વિનય સાથે યાદગાર ફ્રેન્ડશીપ ડે ઉજવીશ. આમાં પાયલ સાથે તો અમે બે વર્ષની એજના હતાં ત્યારથી ફ્રેન્ડશીપ છે.



## કુકિંગ ચેલેન્જ અંતર્ગત મિસળ પાઉં અને પીનટ ચોકલેટ લાડુ બનાવીશ: સ્વયમ સોડિવાલા

સ્વયમએ જણાવ્યું કે અમુક લોકો માટે ફ્રેન્ડશીપ ડે એક દિવસ પૂરતો હોય છે પણ મારા અને મારા મિત્રો માટે રોજ જ ફ્રેન્ડશીપ ડે હોય. હું અને મારા મિત્રો વૃષ્ટિ, શાશ્વત, રાજ, ધ્રુવ, નૈતિક અમે આ દિવસને યાદગાર બનાવવા ફ્રેન્ડશીપ બેલ્ટ તો બંધીએ જ છીએ સાથે મુવી ડે રાખી મુવી જોવા જઈએ છીએ. આ વખતે પણ અમે સૈયારા મુવી જોવાનો પ્લાન કરી રહ્યાં છીએ. મને કુકિંગ પ્રત્યે ઘણો રસ છે. કોલેજમાં બે વાર હું કુકિંગ કોમ્પિટિશનમાં પ્રાઇઝ મેળવી ચુક્યો છું. આ ફ્રેન્ડશીપ ડે પર મારા મિત્રો માટે મિસળ પાઉં અને પીનટ ચોકલેટ લાડુ બનાવીને આ ડિશ ફ્રેન્ડ્સ સાથે એન્જોય કરવાનો છું. આમ તો મારું ફ્રેન્ડ્ઝ સર્કલ મોટું છે પણ હવે બધા લાઈફમાં અલગ અલગ ફિલ્ડમાં સેટલ થઈ રહ્યા છે એટલે કોન્ટેક્ટમાં ઓછું રહેવાય છે પણ જ્યારે પણ મળીએ ફરવા જવાનો પ્રોગ્રામ બનાવી ફ્રેન્ડશીપને યાદગાર બનાવીએ છીએ.





## ઇન્સ્ટાગ્રામ માટે રિલ્સ અને થ્રોબેક વીડિયો બનાવીશ:મંથન માવાણી



ફ્રેન્ડ્સ તો જીવનભરની મૂડી હોય છે. મારા સ્કૂલ ટાઇમના ફ્રેન્ડ્સ પણ હજી મારી સાથે ટચમાં છે અને અત્યારે કોલેજમાં પણ મારું ફ્રેન્ડ્સ ગ્રુપ મોટું છે. અમને રિલ્સ બનાવી બહુ ગમે છે. ઇન્ફેક્ટ અમારા ફ્રેન્ડ્સ ગ્રુપનું તો ઇન્સ્ટાગ્રામ ID પણ છે. રિલ્સ જીવનભરની યાદગીરી બની જતી હોય. ભવિષ્યમાં તે જોઈને મિત્રતાની યાદો તાજી કરીશું. મારા મિત્ર રિધમ, નીલ, ભાવિક, ખુશી અને મેઘા અમે બધાએ આ વખતે પણ ફ્રેન્ડશીપ ડે પર યાદગાર રિલ્સ બનાવવાનું નક્કી કર્યું છે. આ દિવસે અડધો દિવસ અમે સાથે સ્પેન્ડ કરીએ, કાફેઝ જઈએ, મુવી જોવા જઈએ આ રીતે આ સ્પેશ્યલ ડે ને અનોખા સેલિબ્રેશનથી વધારે સ્પેશ્યલ બનાવીએ.

## ફોટો બુથ બનાવીને ડ્રેસ કોડ નક્કી કરી ફોટા પડાવીશું: કનિકા યુગ



કોલેજ સ્ટુડન્ટ કનિકાએ જણાવ્યું સ્કૂલ ટાઈમમાં અમે ફ્રેન્ડ્સ ફ્રેન્ડશીપ ડે પર એકબીજા માટે ઘરેથી બ્રેસલેટ કે રિંગ્સ લઈને આવતા અને પછી રીસેસમાં કે બ્રેક પડે ત્યારે એકબીજાને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધતા તેનો ઉત્સાહ બહુ રહેતો. સ્પેશ્યલ ફ્રેન્ડ માટે સ્પેશ્યલ બેલ્ટનું સીલેકશન થતું અત્યારે કોલેજમાં મારું ફ્રેન્ડ્સ ગ્રુપ જેમાં જિયા, મનીષા, ડિમ્પલ, વંશિકા, મુસ્કાન અમે પરીક્ષા પત્યા બાદ કાફેઝમાં જઈને બેસ્ટ ફૂડનો ટેસ્ટ લઈને ટાઈમ સ્પેન્ડ કરીએ. અમે સ્ટેચ્યુ ઓફ યુનિટી ગયા હતા ત્યારથી અમારી વચ્ચે બોન્ડિંગ વધ્યું છે. અમને બધાને જ ફોટો પડાવવાનો શોખ બહુ છે. કોલેજમાં કોઈ ઇવેન્ટ હોય ત્યારે ભલેને અમે પાર્ટ નહીં લીધો હોય પણ અમે ડ્રેસ કોડ નક્કી કરી રેડી થઈને આવીએ અને ફોટો પડાવીએ. આ ફ્રેન્ડશીપ ડેને પણ આ રીતે જ સેલિબ્રેટ કરવાનું વિચાર્યું છે. કશેક ફોટો બુથ બનાવી ફોટો પડાવીશું અને તેની કોપી હું બધી ફ્રેન્ડ્સને સ્વીટ મેમરિઝ તરીકે ગિફ્ટ આપવાની છું. ફોટો બુથ ચેલેન્જ એક્ટિવિટી અમને વધારે ઇન્ટરેસ્ટિંગ લાગી. આ ફોટો અમે ભવિષ્યમાં જ્યાં પણ હોઈશું સ્વીટ મેમરી બનીને હંમેશા સાથે રહેશે.







---

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...**

# ગંદકી ભલે હોય સરેઆમ રસ્તા પર, બનીશું 'સ્વચ્છતામાં સુપર' અમે કાગળ પર...




પોશ વિસ્તારો જ ચોખ્ખા છે અમારા સુરતના, બાકીના વિસ્તારોમાં લોકો જીવે છે ગંદકીમાં... રસ્તાઓ પર છે પારાવાર ગંદકી, ઉકરડાં બન્યા છે વિસ્તારો, છતાંય જીવીએ છીએ અમે સ્વચ્છ શહેરના મિથ્યાભિમાનમાં... જૂના ટાયર, કૂડા-કચરાં, પાનની પિચકારીના ડાઘા, દારૂની બોટલો ને ગંદકી પર બેઠેલા કાગડાં, દેખાય છે સુરતમાં આવું વારંવાર, હવે તો થાક્યા, સફાઈ કરો, સફાઈના દાવાના વારસદાર...